

## શુભેચ્છાઓ પાઠવતી પોલીસ જોઈ નગરજનો રોમાંચિત

ગાંધીનગરના માર્ગો પર એજ પોલીસનું નવું સ્વરૂપ જોવા મળતા વાહનચાલકો અને નાગરિકોમાં ભારે કુતૂહલ વ્યાપ્યું હતું. ચ-૩ સર્કલ પાસે સાંજના સુમારે પોલીસે વાહનચાલકોને ઉભા રાખી તેમને દિવાળી ગ્રીટીંગ્સના માધ્યમથી શુભેચ્છાઓ પાઠવી હતી અને નગરજનોને આ તહેવારમાં વાહન સાવચેતીથી ચલાવવા, હેલમેટ, સીટ બેલ્ટનો ઉપયોગ કરવા, ફટાકડાં સાવચેતીથી ફોડવા અને રજાઓ દરમિયાન પોતાના ઘર સાવ સૂનાં મૂકીને ન જવા અનુરોધ કર્યો હતો. (તસવીર : સમીર રામી)

# સરકારી ઈજનેરી કોલેજની ઓફીસમાં આગ ભભુકી

### એ.સી. કોમ્પ્યુટર તથા ઓફીસનું ફર્નિચર બળીને ખાખ

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ ખાતે સ્થિત સરકારી ઈજનેરી કોલેજના બ્લોક નં.૩માં આવેલી એક ઓફીસમાં ગઈ સાંજે અચાનક શોર્ટ સર્કીટ થતા આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયર બ્રિગેડને ઘટનાની જાણ થતાં કાફલો તાબડતોબ સ્થળ પર પહોંચી ગયો હતો અને પાણીનો મારો ચલાવીને આગને કાબુમાં લઈ લીધી હતી. આગ દુર્ઘટનામાં કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી જો કે ફર્નિચર બળીને ખાખ થઈ જવા પામ્યું હતું.

સે-૨૮માં સ્થિત સરકારી ઈજનેરી કોલેજના મેટરોલોજી ડીપાર્ટમેન્ટનાં બ્લોક નં.-૩ ઓફીસ નં. ૩૦૦૧માં આગ લાગી હોવાનો કોલ ગાંધીનગર ફાયર બ્રિગેડને મળતા ફાયર ઓફીસર મહેશ મોડ તથા તેમની ટીમ ઘટના સ્થળે પહોંચી ગયા હતાં. પાણીનો મારો ચલાવીને આગને નિયંત્રીત કરી નાંખી હતી. ઓફીસમાં પડેલું ફર્નિચર, એસી તથા કોમ્પ્યુટર સહિતનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. સદનસીબે કોઈ જાનહાનિ કે દાઝયાની ઘટના બની ન હતી.

# આજે કાળીચૌદશ : મહાકાલી અને હનુમાનજીની ઉપાસના માટે શ્રેષ્ઠ દિવસ

### સીતા માતા આ દિવસે જ હનુમાનજીને અષ્ટ સિધ્ધિ નવનિધિની સિધ્ધિ પ્રદાન કરી હતી : ઋષિ માર્કંડે અને વશિષ્ઠે પણ કાલી અને હનુમાનજીનું પૂજન કર્યું હતું

ગાંધીનગર, તા.૨૧

આજે કાળીચૌદશ.. કાળ રાત્રિ-કાળીચૌદશને માટે આ દિવસ યોગ્ય ગણાય છે. જે લોકો સમાજ કલ્યાણ માટે સાદના કરે છે તેમના માટે પણ આ દિવસ ઉત્તમ હોય





સાધના અને આરાધનાનો દિવસ માનવામાંઆવે છે. કોઈપણ ઉપાસના માટે આ દિવસ શ્રેષ્ઠ હોવાથી કાળીચૌદસના શ્રેષ્ઠ યોગમાં કાલી માતા હનુમાનજી અને શિવજીની આરાધના વિશેષ રીતે કરવામાં આવે છે. કાળી છાયા કળીયુગમાં ગ્રુહપીડા આપે છે. દુષ્ટ વિચારવાળા ગ્રહોની અસરમાંથી મુકત થવા પણ કાળી અને હનુમાનજીની ઉપાસના કરવામાં આવે છે. કાળી ચૌદશના દિવસે ભગવાન શિવ, કાલીમાતા અને હનુમાનજીની વિશેષ રૂપે સાધના-ઉપાસના કરવાનો મહીમા છે. આ અંગે ધર્માધ્યક્ષ ફૂલશંકર શાસ્ત્રીજીએ જણાવ્યું હતું કે કાળરાત્રિ દરમિયાન ઉપાસના અને આરાધનાનો વિશેષ સુયોગ હોય છે. કોઈ પણ ઉપાસના છે. અલબત્ત ઉગ્રતા-શૂરવીરપણું ધરાવતા હનુમાનદાદા તેમજ ઘંટાકર્ણ મહાવીર જેવા શૌર્ય સાથે સંબંધીત દેવની આરાધના માટે આ શ્રેષ્ઠ દિવસ છે. સ્વામી વૈરાગ્યનંદજીએ પણ કાળીચૌદસના દિવસને કાળીમાતા અને હનુમાનજીની ઉપાસના માટે શ્રેષ્ઠ ગણાવ્યો છે. આ દિવસે સીતા માતાએ હનુમાનજીને અષ્ઠ સિદ્ધિ નવ નિધિના દાતાની સિધ્ધિ પ્રદાન કરી હતી જયારે માર્કંડે ઋષિએ દેવીનું પૂજન કર્યું હતું અને ઋષિ વશિષ્ઠે હનુમાનજીની પૂજા કરી હોવાનું પણ વૈદિક પ્રમાણ છે. હનુમાનજીને ચુર્માના લાડુ અને ફળ ધરાવી લાલ આસન પર બેસી રામ ભકત પીડા દૂર કરો તેવી પ્રાર્થના કરવી જોઈએ.

# ઓપન એર થિયેટરના ભાડામાં ફેરફાર

ગાંધીનગર, તા. ૨૧

ઘ-૫ સ્થિત ઓપન એર



થિયેટરને ભાડે આપવા અંગેના નિયમો તંત્ર દ્વારા ઘડવામાં આવ્યા છે. કમુરતાના સમયમાં રૂ. ૫ હજાર અને સિઝનમાં રૂ. ૧૦ હજારના ભાડે આ ઓપન એર થિયેટરની ફાળવણી કરવામાં આવશે.

ઘ-૫ ના ખુલ્લા મેદાનમાં લારી-ગલ્લાવાળાઓનું દબાણ હટાવી પાંચ વર્ષ અગાઉ ઓપનએર થિયેટર બનાવવામાં આવ્યું હતું. જો કે બન્યા

| સમયગાળો | ભાડાની રકમ |
|---|---|
| ૧૫મી જાન્યુઆરીથી ૩૧મી મે સુધી | ૧૦,૦૦૦/- |
| ૧ જુનથી ૩૦મી સપ્ટેમ્બર સુધી (ચોમાસુ) | ૫,૦૦૦/- |
| ૧ ઓક્ટોબરથી ૧૫મી ડિસેમ્બર સુધી | ૧૦,૦૦૦/- |
| ૧૬મી ડિસેમ્બરથી ૧૪મી જાન્યુઆરી સુધી (કમુહર્તા) | ૫,૦૦૦/- |

બાદ તે ઘણા સમય સુધી સાવ બીન ઉપયોગી હાલતમાં પડી રહ્યું હતું. અસામાજિક તત્વોએ અહીં અડ્ડો જમાવ્યો હતો. ઘણા લાંબા સમય સુધી ભાડાના નિયમો નક્કી ન કરાતા તે અવાવરૂ હાલતમાં રહ્યું હતું. આખરે ઘણી રજુઆતો બાદ ઓપન એર થિયેટરના ભાડા થતા તેનો ઉપયોગ થઈ શકશે. જો કે હાલમાં જે ભાડુ નક્કી કરવામાં આવ્યું છે તે ખુબ ઉંચુ હોવાથી સામાન્ય વસાહતીઓ તેનો કેટલો ઉપયોગ કરી શકે છે તે એક મોટો પ્રશ્ન છે.

માર્ગ અને મકાન વિભાગના તા. ૧૪-૧૦-૨૦૧૪ ના ઠરાવ મુજબ ગાંધીનગર ખાતે ઘ-૫ સર્કલ પાસે,

● અનુસંધાન પાન-૭ પર

# જૂના સચિવાલયમાં પાર્કીંગ વ્યવસ્થામાં ધાંધીયા

### એક વર્ષના અંતે પણ આયોજન આખરી ન થતા પાર્કીંગની સમસ્યાથી શિરદર્દ

ગાંધીનગર, તા. ૨૧

જૂના સચિવાલયમાં નવા પાર્કીંગ પ્લેસ ઉભા કરવાની યોજના પડી ભાંગી છે. સચિવાલય સંકુલમાં અગાઉ વન વે ટ્રાફિકની વ્યવસ્થા પણ વિચારણાના અંતે પડતી મુકવામાં આવી હતી. બીજી તરફ દાયકાઓના અંતે પાર્કીંગ વ્યવસ્થા અપગ્રેડ ન થતા રોજબરોજ ટ્રાફિકને લગતી અનેક સમસ્યાઓ ઉદ્‌ભવે છે.

નવા સચિવાલયના કેમ્પસને અપગ્રેડ કરવા કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જેના અંતે સચિવાલય સંકુલમાં અલાયદી અને વિશાળ પાર્કિંગ વ્યવસ્થા ઉપરાંત હરિયાળા બગીચા અને પ્લાન્ટેશનની સાથે સુરક્ષા વ્યવસ્થાના મામલે પણ પુરતી તકેદારી રાખવામાં આવી છે. પરંતુ જૂના સચિવાલયમાં દાયકાઓના અંતે પણ કર્મચારીઓ તેમજ મુલાકાતીઓને સ્પર્શતી સમસ્યાઓ તરફ સતત દુર્લક્ષ્ય સેવવામાં આવી રહ્યું છે. જૂના સચિવાલયના વિવિધ બ્લોકમાં અનેકવિધ કચેરીઓ ધમધમી રહી છે. જયારે નવા બે બ્લોક પણ ઉમેરાયા છે. આમ છતાં સંકુલને આનુસંગિક સુવિધાઓ ઉભી કરવામાં માર્ગ-મકાન વિભાગ કક્ષાએથી કોઈ રસ

● અનુસંધાન પાન-૭ પર

# ફટાકડાથી દાઝી જવાના બનાવો વધે છે

અમદાવાદ, તા.૨૧

ફટાકડા ફોડવાથી થતાં દાઝવાના કિસ્સામાં પણ વધારો થાય છે. ખાસ કરીને બાળકોમાં આ પ્રમાણ વધુ જોવા મળે છે. આ ઉપરાંત તહેવારોમાં મિઠાઈ, ફરસાણા સહિતની વાનગીઓ ખાવા પર બાળકો અને મોટેરાઓનો કંટ્રોલ રહેતો ન હોવાથી આ સિઝનમાં પેટની સમસ્યા વધુ સર્જાય છે. ખાસ કરીને બાળકોમાં એસીડીટીનું ઉંચુ પ્રમાણ જોવા મળે છે.

# લાયસન્સ વગર ધમધમતા ફટાકડા સ્ટોલ્સ પર પોલીસનો સપાટો

### મીના બજારમાં શરૂ થઈ ગયેલી ૯ દુકાનો સે-૭ પોલીસે બંધ કરાવડાવી

ગાંધીનગર, તા.૨૧

ગાંધીનગર શહેરમાં ફટાકડા વેચવાના લાયસન્સ મેળવ્યા સિવાય શરુ કરી દેવાયેલા ફટાકડા સ્ટોલ્સ પર પોલીસે સપાટો બોલાવ્યો છે. શહેરના મીના બજારમાં ધમધમી રહેલી આવી ૯ દુકાનો પર પોલીસે દરોડો પાડીને તાત્કાલીક ધોરણે આ તમામ દુકાનો બંધ કરાવી ફટાકડા વેચાણ બધ કરાવી દીધું હતું.

મીના બજાર જુના સચિવાલય વિસ્તારમાં ફટાકડા વેચવાના લાયન્સ લીધા વિના જ ફટાકડા સ્ટોલ્સ શરુ થઈ ગયા હોવાની બાતમી મળતા જ ગાંધીનગર સે-૭ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. એ.કે. ભરવાડ તેમની ટીમ સાથે પહોંચી ગયા હતા અને ત્યાં લાયસન્સ વગર ફટાકડા વેચાણ શરુ કરી દેનાર વેપારીઓની ૯ દુકાનો બંધ કરાવી દીધી હતી. તમામ ૯ દુકાનો બંધ કરાવીને લાયસન્સ વિના ફટાકડા નહિ વેચવા વેપારીઓને સુચના આપી દેવામાં આવી છે.

# કિડ્ઝ સીટીમાં વિકલાંગોની ફીમાં ઘટાડો

અમદાવાદ, તા.૨૧

અમદાવાદમાં કાંકરિયા લેકફ્રન્ટમાં આવેલા કિડ્ઝ સીટીની પ્રવેશ ફીને લઈને હંમેશા હોબાળો રહ્યો છે. ફીના ધોરણમાં સુધારા કરવામાં આવ્યા હોવા છતાં હજુ પણ ફી વધારે હોવાની વાત સામાન્ય લોકો કરી રહ્યા છે. અગાઉ વિકલાંગો માટે જે ફી હતી તેની સરખામણીમાં ધરખમ ઘટાડો કરવામાં આવ્યો છે છતાં ફીના ધોરણ વધારે હોવાનો મત સામાન્ય લોકો વ્યક્ત કરી રહ્યા છે. અપંગ બાળકો સહિત વ્યક્તિઓ માટેની પ્રવેશ ફીનો દર રૂા. ૨૦૦થી ઘટાડી માત્ર રૂા. ૩૦ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. જો કે ૫ થી ૧૪ વર્ષની વયના બાળકો માટેની પ્રવેશ ફી રૂા. ૧૦૦ યથાવત રખાઈ છે પરંતુ ૧૪ વર્ષથી વધુ વયના મુલાકાતી તથા બાળકો સાથે આવતા વાલીઓ માટેની પ્રવેશ ફીનો દર રૂા. ૧૫૦ હતો તે ઘટાડીને રૂા. ૫૦ કરવામાં આવ્યો છે. કિડ્ઝ સીટીમાં ડિજીટલ કેમેરો સાથે લઈ જવો હોય તો તેની ફી રૂા. ૧૦૦ હતી એ ઘટાડીને રૂા. ૨૦૦ કરાઈ છે. કિડ્ઝ સીટીમાં બાળકોનો શાળાકીય પ્રવાસ હોય તો બાળકોની પ્રવેશ ફી રૂા. ૧૦૦ યથાવત જ રાખવામાં આવી છે પરંતુ ૨૫ બાળકોએ એક શિક્ષકને વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવતો હતો તેને બદલે ૧૦ બાળકોએ એક શિક્ષકને વિનામુલ્યે પ્રવેશ આપવામાં આવશે.

**આપના અવસરને ઉત્સવ બનાવો...**
અમારે સંગ આપ આપની ઉજવણીને જીવનભર સાચવી શકશો
લગ્ન પ્રસંગ
રીસેપ્શન
સંગીત સંધ્યા
બર્થ-ડે પાર્ટી
એડ-ફિલ્મ
ડોક્યુમેન્ટરી ફિલ્મ
Videography & Photography
મો. ૯૮૨૪૮ ૨૮૧૬૯
Web Designing
Live Video Coverage
vivify
Vision Video Films Production
C-202, 2nd Floor, Swagat Rain Forest-III, KH-Road, Hadmatiya, Gandhinagar.

We Create
We Design
We design...
News Paper Ad
Hoarding
Invitation Cards
Visiting Cards
Letter Pad
Brochure
Books
& anything...
we design your desire...
504, Shalin Complex, Sector 11, Gandhinagar.
079-23243644. paramcreation@gmail.com
PARAM CREATIONS

## શ્રીરંગ પાર્ક કો.ઓ. હા.સ.સોસાયટી

વાસણા હડમતીયા, ખ-૦ પાસે, તા.જી. ગાંધીનગર

આથી સોસાયટીના સર્વે સભાસદો અને પ્લોટ ધારકોને જણાવવામાં આવે છે કે, આ સોસાયટીની ખાસ સાધારણ સભા તા. ૨૬/૧૦/૨૦૧૪ને રવિવારના રોજ બપોરે ૩-૦૦ કલાકે સોસાયટીની ઓફીસ ખાતે સોસાયટીના રી-ઓડીટના અહેવાલમાં જણાવેલ કામકાજ અર્થે યોજવામાં આવેલ છે. તો દરેક સભાસદે સમયસર હાજર રહેવા વિનંતી છે.

**તા.ક. : કોરમના અભાવે મુલતવી રાખેલ સભા, અડધા કલાક બાદ તેજ સ્થળે મળશે. જેની કાર્યવાહી કારયદેસરની ગણાશે.**

| સુરેશભાઈ પટેલ | બાબુભાઈ પટેલ |
|---|---|
| પ્રમુખ | મંત્રી |
| મો. ૯૯૭૪૧ ૩૩૩૯ | મો. ૯૫૭૪૯ ૫૪૪૦૩ |

## નવમી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



જીવન સદા એવું જીવ્યા કે જોનારા જોયા કરે, કર્મ સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, દુ:ખ સામે જજુમ્યા પણ દુ:ખથી કદી ડર્યા નહી, સંબંધોના વ્યવહાર કદી ચુક્યા નહીં, સુખ-દુ:ખમાં સદા હસતા રહ્યા, મન માનતું નથી કે તમે અમારી વચ્ચે નથી.

પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના....

**સ્વ. દાનાજી ભેરાજી વણજારા (વડાગામ) સ્વ. તા. ૧૭/૧૦/૨૦૦૫**

ગગન દાનાજી વણજારા (જી.ડી. વણજારા)
બાબા રામદેવ ટ્રેડર્સ
બાબા રામદેવ અર્થ મુવર્સ
ભગાજી દાનાજી વણજારા
જગદીશ દાનાજી વણજારા
તથા સમસ્ત વડાગામ
વણજારા પરિવાર
મુ. પો. વડાગામ, તા. ધનસુરા, જિ. અરવલ્લી




SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com